# રાજ્યમાં કોરોનાનો કહેર યથાવત, નવા ૭૨૫ કેસ

## રાજ્યમાં ૧૮ મોત : સુરતમાં સતત બીજા દિવસે કેસમાં વધારો : કુલ સંક્રમીતનો આંકડો ૩૬૧૨૩ થયો : કુલ મૃત્યુઆંક ૧૯૪૫ : એક્ટીવ કેસ ૮૨૭૮ : ૭૨ વેન્ટીલેટર ઉપર

ગાંધીનગર,તા.૫

રાજ્યમાં સતત બીજા દિવસે કોરોના પોઝીટીવનો આંકડો ૭૦૦ને પાર થયો. આજે રાજ્યમાં કોરોનાના ૭૨૫ નવા કેસો ૨૪ કલાકમાં નોંધાતા કુલ સંક્રમીતનો આંકડો ૩૬૧૨૩પર પહોંચ્યો છે. રાજ્યમાં આજે ૨૪ કલાકમાં વધુ ૧૮ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક ૧૯૪૫ થયો છે. રાજ્યમાં આજે ૪૮૬ દર્દીઓ ડીસ્ચાર્જ થયા. આ સાથે ૨૫૯૦૦ દર્દીઓ કુલ અત્યાર સુધીમાં ડીસ્ચાર્જ થયા. આ સાથે ૨૫૯૦૦ દર્દીઓ કુલ અત્યાર સુધીમાં ડીસ્ચાર્જ થયા. રાજ્યમાં ૭૨ વ્યક્તિઓ વેન્ટીલેટર પર છે અને ૮૨૭૮ કુલ એક્ટીવ કેસ આજની સ્થિતિએ છે. રાજ્યમાં સતત બીજા દિવસે કોરોના પોઝીટીવના કેસ ૭૦૦ને પાર થતા કુલ સંક્રમીતના આંકડાનું મીટર પણ ઝડપથી ફરવા માંડ્યું છે. ગઈકાલે કોરોનાથી કુલ સંક્રમીતનો આંકડો ૩૫ હજારને પાર થયો હતો અને આજે ૩૬ હજારને પાર થયો. રાજ્યમાં આજે ૭૭૭૦ ટેસ્ટ ૨૪ કલાકમાં કરાતા ૭૨૫ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા હતા. જેમાં અમદાવાદ કોર્પોરેશન ૮ અને ગ્રામ્ય ૧, સુરત કોર્પોરેશન ૪ અને ગ્રામ્ય ૨, જામનગર કોર્પોરેશન, ગાંધીનગર અને ખેડામાં ૧ મૃત્યુ નોંધાયા છે. અમદાવાદ શહેરમાં કોરોનાથી સ્થિતિ નિયંત્રણમાં હતી. અમદાવાદ કોર્પોરેશન ૧૬૨ અને ગ્રામ્યમમાં ૧૫ સાથે ૧૭૭ કોરોના પોઝીટીવના કેસ નોંધાયા. આ સાથે અમદાવાદમાં કુલ સંક્રમીતનો આંકડો ૨૧૮૯૨ થયો છે. આજે વધુ ૯ મોત સાથે કુલ મૃત્યુઆંક ૧૪૮૪ થયો. સુરતમાં આજે સતત બીજા દિવસે ૨૫૦થી પાર કોરોના પોઝીટીવના કેસ નોંધાયા જે રાજ્યમાં સૌથી વધારે કેસ છે. સુરત કોર્પોરેશનમાં ૨૧૮ અને ગ્રામ્યમાં ૩૬ સાથે ૨૫૪ કોરોના પોઝીટીવના કેસ નોંધાયા છે. આ સાથે સુરતમાં કોરોના સંક્રમીતના કુલ કેસ ૫૯૬૮ થયો છે. આજે વધુ ૬ મોત સાથે મૃત્યુઆંક ૧૮૨ થયો છે. વડોદરામાં સરેરાશ ૫૦ની ઉપર કોરોના પોઝીટીવના કેસ સપ્તાહથી નોંધાયા છે. જેમાં આજે વડોદરા કોર્પોરેશનમાં ૫૬ અને ગ્રામ્યમાં ૮ કેસ સાથે ૬૪ કોરોના પોઝીટીવના કેસ નોંધાયા છે. વડોદરામાં કુલ સંક્રમીતનો આંકડો ૨૫૬૮ થયો છે. ગાંધીનગરમાં સ્થિતિ નિયંત્રણમાં છે. વધુ ૧૧ કોરોના પોઝીટીવના દર્દી સાથે કુલ સંક્રમીતનો ૭૧૯ કેસ થયા છે. આજે વધુ ૧ મોત સાથે મૃત્યુઆંક ૩૨ પરપહોંચ્યો છે.

રાજ્યમાં જામનગર અને ડાંગ જિલ્લાને બાદ કરતા તમામ ૮ કોર્પોરેશન અને ૨૯ જિલ્લામાં કોરોના પોઝીટીવના કેસ નોંધાયા છે.

રાજકોટમાં આજે ૩૨ કેસ અને રાજકોટ કોર્પોરેશનમાં ૧૦ કેસ કોરોનાના નોંધાયા છે. વલસાડમાં ૧૮, ભરૂચમાં ૧૫, ખેડા ૧૨, પાટણ ૧૧, જુનાગઢ કોર્પોરેશન ૯ અને જિલ્લા ૪, મહેસાણા, સુરેન્દ્રનગર, અને તાપીમાં ૯, બનાસકાંઠા, સાબરકાંઠા અને દાહોદમાં ૮, ભાવનગર કોર્પોરેશન ૭ અને ભાવનગરમાં ૯, જામનગર કોર્પોરેશન ૬, પંચમહાલ ૬, અરવલ્લી અને મોરબીમાં ૫-૫, ગીર સોનાથ ૪, મહીસાગર, નવસારી અને બોટાદ ૩, કચ્છ૨, નર્મદા, અમરેલી, છોટાઉદેપુર અને દેવભૂમિ દ્વારકા ૧-૧ કેસ કોરનાના નોંધાયા છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૨,૬૮,૧૭૦ વ્યક્તિઓને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૬૫૦૯૬ વ્યક્તિઓ હોમક્વોરન્ટાઈન છે અને ૩૦૭૪ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરેન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૧૨૧૨૪ કુલ ટેસ્ટ કોરોનાના કરવામાં આવ્યા છે.

## બનાસકાંઠાનાં ડીસામાં ૭ અને શિહોરીમાં ૧ કેસ

બનાસકાંઠા જિલ્લામાં રવિવારે વધુ ૮ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હતા. ડીસામાં ૭ અને શિહોરીમાં ૧ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૮૭ પહોંચી ગઈ છે. જ્યારે મૃત્યુઆંક ૧૩ થવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસે છેલ્લા ૧૦ દિવસથી માથું ઊંચક્યું છે. દિન પ્રતિદિન સ્થિતિ કાબુ બહાર જઈ રહી છે. જ્યાં રવિવારે વધુ ૮ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનિષ ફેન્સીએ જણાવ્યું હતુ કે, ડીસામાં ૭ અને શિહોરીમાં ૧ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. પોઝિટિવ આવેલા લોકોને કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યારે તેમના સંપર્કમાં આવેલા પરિવાર તેમજ અન્ય લોકોને હોમ કોરેન્ટાઈન કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસ આવ્યા છે. તેને કન્ટેઈન્ટમેન્ટ એરિયા જાહેર કરી દેવામાં આવ્યા છે. જિલ્લામાં હાલની સ્થિતિએ કુલ કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૨૮૭ પહોંચી ગઈ છે. જ્યારે મૃત્યુઆંક ૧૩ થવા પામ્યો છે.






## ધાનેરામાં ભારે પવન સાથે મેઘરાજાનું આગમન

છેલ્લા કેટલાક દિવસથી ભારે ગરમીને લઈને ધાનેરા વાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠયા હતા ભારે ગરમી અને બફારાને લઈ લોકોનું જીવન પણ મુશ્કેલ બની ગયું હતું જો વાત કરવામાં આવે ગઈકાલે ગઈકાલે આખા દિવસના ઉકળાટ બાદ સાંજના સમયે આકાશ કાળા ડીબાંગ વાદળોથી ઘેરાયું હતું અને અચાનક વાતાવરણમાં પલટો આવ્યો તે બાદ રાત્રીના સમયે ભારે પવન સાથે મેઘરાજાનું આગમન થયું હતું મેઘરાજાનું આગમન થતાં શહેરના જાહેર રસ્તાઓ પાણીથી ઉભરાવા લાગ્યા હતા અને ભારે પવનને લીધે કેટલીક જગ્યા પર હોટલ ના છાપરા ઉડી જવા પામ્યા હતા તો કેટલી જગ્યા પર થોડીક પણ ઉડી ગયા હતા ત્યારે સ્થાનિક હોસ્પિટલમાં કમ્પાઉન્ડર પાણીમાં ગરકાવ જોવા મળ્યો હતો ભારે પવન સાથે પડેલા વરસાદને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસરતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

## કોટડા ગામે ઘરવિહોણા બનેલા પરિવાર વરસાદ અને ભારે પવનમાં મોત સામે ઝઝૂમી જીવ બચાવ્યો

### ઘરવખરીનો સામાન તેમજ અનાજની બોરીઓ વરસાદમાં પલળી જતા નુકશાન

ધાનેરા તાલુકાના કોટડા ગામે થોડા દિવસ અગાઉ દબાણ દૂર કરવામાં આવ્યો હતો જેમાં ૨૦ જેટલા મકાનો તોડી પાડવામાં આવ્યા હતા અને કેટલાક પરિવારો બેઘર બની ગયા હતા ત્યારે આ પરિવારને ઉપર આપ અને નીચે ધરતી જેવા આશા સાથે બેઠા હતા પરંતુ ગઈ કાલે રાત્રે ભારે પવન અને વરસાદ આવતા આ પરિવારને મુશ્કેલીઓ વધી હતી રાત્રે ભારે પવન સાથે વરસાદ પડતા કેટલાક પરિવારોએ મોત સામે ઝઝૂમી પોતાની જિંદગી બચાવી હતી તો બીજી તરફ આ પરિવાર પાસે રહેલ અનાજ તેમજ ઘરવખરીનો સામાન વરસાદમાં પલળી જતા પરિવારને ભારે નુકસાન વેઠવાનો વારો આવે છે પુત્ર દેશની બોર્ડર પર ફરજ બજાવે છે ત્યારે તેના માતા-પિતા સહિત નો પરિવાર આજે મોત સામે ઝઝૂમી રહ્યો છે આમ તો દેશભક્તિની મોટી મોટી વાતો થતી હોય છે. કોઈપણ જવાન શહીદ થાય તો તેને શ્રદ્ધાંજલિ તેમજ તેના પરિવારને કેટલીક સંસ્થાઓ મદદ પણ કરતી હોય છે ત્યારે આજે એક જવાન દેશ પર ફરજ બજાવે છે અને તેનો પરિવાર મોત સામે ઝઝૂમી રહ્યો છે આ ગાઢ જોતા આંખોમાં આંસુ આવી જાય છે દેશની બોર્ડર પર ફરજ બજાવતા જવાનું મકાન પણ દબાણમાં છે તેમ કંઈક સ્થાનિક તંત્ર દ્વારા તોડી પાડવામાં આવ્યો હતો ત્યારે આ જવાનો પરિવાર આજે બેઘર બની બેઠો છે ગઈકાલે આવેલા વરસાદ અને ભારે પવન સામે આ પરિવારે ખૂબ જ મુશ્કેલી નો સામનો કરી પોતાનો જીવ બચાવ્યો હતો પરંતુ આ પરિવાર પાસે રહેલ અનાજ તેમજ ઘરવખરીનો સામાન પલળી જતા પરિવાર મુશ્કેલીમાં મુકાયો છે ત્યારે તંત્ર જ જોડે માંગ છે તાત્કાલિક ધોરણે આ પરિવારને રહેવા માટેની તેમજ મકાનની વ્યવસ્થા કરી આપવામાં આવે



## અરવલ્લીવાસીઓને ૧૪ ધન્વંતરી આરોગ્ય રથ થકી ઘરઆંગણે આરોગ્ય સેવાઓ મળશે

### જિલ્લાના ભિલોડા અને મેઘરજના અંતરિયાળ વિસ્તારના લોકોને પ્રાથમિક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસનો વ્યાપ વધતા શહેર અને ગ્રામ્ય વિસ્તાર તેના સંક્રમણની અસરમાં આવ્યા છે. ત્યારે જિલ્લાના અંતરીયાળ વિસ્તારના લોકોને જિલ્લાના મુખ્યમથક સુધી આરોગ્ય સેવા લેવા આવવું ન પડે અને ઘર આંગણે જ પ્રાથમિક સારવાર મળી રહે તે માટે જિલ્લામાં ૧૪ આરોગ્ય ધન્વંતરી રથ કાર્યરત કરાતા આરોગ્ય સેવાઓ મેળવવી સરળ બનશે. જિલ્લાના અંતરિયાળ વિસ્તારના લોકોને જરૂરી આરોગ્ય સેવાઓ સ્થળ પર જ ઉપલબ્ધ થાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા ધન્વંતરી આરોગ્ય રથ શરૂ કરવામાં આવ્યા છે જેમાં બે આયુષ મેડિકલ ઓફિસર અને પેરા મેડિકલ સ્ટાફની ટીમ સાથે જિલ્લામાં ૧૪ આરોગ્ય રથ કાર્યરત કરવામાં આવ્યા છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ અને ભિલોડાના આદિજાતિના છેવાડાના વિસ્તારોમાં આરોગ્ય સુવિધાઓ ઘર આંગણે જ ઉપલબ્ધ કરાવવામાં આવતા તેમને જિલ્લાના મુખ્ય મથક સુધી હવે લાંબા થવુ પડશે નહિ. કાર્યરત કરાયેલા આરોગ્ય ધન્વંતરી રથમાં આર.બી.એસ.કે. ટીમ, એક સ્ત્રી અને એક પુરુષ આયુષ મેડિકલ ઓફિસર અને પેરા મેડિકલ સ્ટાફની ટીમ દ્વારા તાવ, શરદી, ઝાડા, ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને ચામડીના રોગોના નિદાન કરી સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપવામાં આવશે. આ ઉપરાંત ધન્વંતરી આરોગ્ય રથમાં ટેમ્પ્રેચર ગન, સ્ટેથોસ્કોપ, પલ્સ ઓક્સિમીટર સહિતના સાધનોની સાથે સાથે જરૂરી દવાઓ તથા ઈમ્યુનિટી બુસ્ટઅપ માટેની હોમિયોપેથિક દવાઓ અને આયુર્વેદિક ઉકાળા પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.



જિલ્લામાં કોરોનાનો વ્યાપ જોતા જે અસરગ્રસ્ત વિસ્તારના લોકોમાં કોરોના વાયરસના સંક્રમણના લક્ષણો જણાય તો તુરંત જરૂરી સારવાર શરૂ કરાય અને સંક્રમણને આગળ વધતું રોકી શકાય તે માટે જિલ્લાના મોડાસામાં ૪, ભિલોડામાં ૩, માલપુરમાં ૨, મેઘરજમાં ૨, બાયડમાં ૨ અને ધનસુરામાં ૧ મળી કુલ ૧૪ રથ કાર્યરત કરતા જિલ્લાના નાગરીકોની આરોગ્યની સુખાકારીમાં વધારો થશે.

## માલોતરા ગામના પૂર્વ સરપંચ દ્વારા માલોતરાની પ્રાથમિક શાળા ખાતે ઓટોમેટીક સેનીટાઇઝર મશીન ભેટ અપાયુ

કોરોના ના કહેતી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે ત્યારે કોરોના નું સંક્રમણ વધુ પડતું ન ફેલાય તે માટે તંત્ર પણ તત્પર છે કોરોના થી બચવા માટે સોશિયલ distance તેમજ સેનીટાઇઝર નો ઉપયોગ કરવો ફરજીયાત છે તેને લઈને આજે ધાનેરા તાલુકાના માલોતરા ગામ ની પ્રાથમિક શાળામાં ગામના પૂર્વ સરપંચ ગોકુલભાઈ ગોહિલ અને નરેશભાઈ ગોહિલ દ્વારા ઓટોમેટીક મશીન ભેટમાં આપવામાં આવી છે શાળામાં સેનીટાઇઝર મશીન લાગતા બાળકો તેમજ ફરજ બજાવતા શિક્ષકો માં કોરોના નું સંક્રમણ ન ફેલાય તેનું ધ્યાન રાખી સેનીટાઇઝર મશીન પેટમાં આપતા શાળા પરિવારે પણ પૂર્વ સરપંચ નો આભાર માન્યો હતો.

## ઉછાળો આવ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાકક્ષાએ પણ કેસોની સમીક્ષા માટે સમયાંતરે બેઠકો યોજવામાં આવી રહી છે. તેમાં પણ આ મુદ્દે ચર્ચાઓ થાય છે અને તેમાં ઘણા બધા મહત્વના નિર્ણયો પણ અમલી બનાવવામાં આવ્યા છે.

જો કે અનલોક-૨ માં કોરોનાના કેસો રોકેટ ગતિએ વધી રહ્યા છે. પ્રથમ સપ્તાહમાં જ કેસોની સંખ્યા ૧૦૦ ને પાર કરી ગઈ છે. તે તંત્ર માટે ચિંતાનો મુદ્દો બનેલ છે. ક્વોરોન્ટાઈનના અમલીકરણમાં કેટલીક ત્રુટીઓ હોવાનો આડકતરો એકરાર પણ તંત્રના અધિકારીઓ કરી રહ્યા છે.

## વધુ ૧૧ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંગે તંત્ર દ્વારા તપાસ ચાલી રહી છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત છત્રાલ ખાતેથી પણ એક ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જેને પણ સારવાર માટે ગાંધીનગર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકામાંથી આજે ૬ કેસ મળ્યા છે. જેમાં શાહપુરની બે મહિલા દર્દી ઉપરાંત કુડાસણ, સુઘડ, રાયસણ અને વાવોલના દર્દીઓનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે શાહપુરમાં અગાઉ સંક્રમિત થયેલા પરિવારમાંથી જ મા-દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સુઘડ ગામેથી એક ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીનો દિકરો અમદાવાદમાં વાણિજ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલો હોવાનું જાણવા મળેલ છે.

વાવોલ ગામેથી એક ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા ગૃહિણી છે અને તે કેવી રીતે સંક્રમિત થઈ તે અંગે તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

રાયસણ ગામેથી પણ એક ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત કુડાસણ ગામ જે હવે હોટ સ્પોર્ટ વિસ્તાર તરીકે ઉભરી રહેલ છે ત્યાંથી પણ એક ૩૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને કાબુમાં લેવા માટે તંત્ર દ્વારા આગામી દિવસોમાં વધુ આક્રમક પગલાંઓ ભરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી હાલ ૧૧૭ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે. આજે વધુ પાંચ દર્દી રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

## વધુ ૪ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચલાવતા એક ૩૪ વર્ષીય યુવકનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે.

આ દર્દીએ તંત્રને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી લેખિત બાંહેધરી આપાતં તંત્રએ તેના વિકલ્પને મંજૂરી આપી છે.

અમદાવાદની સીમ્સ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે સેવા આપતી અને સે. ૪-એ માં રહેતી એક ૨૨ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવતીને સારવાર માટે સિમ્સ હોસ્પિટલમાં જ દાખલ કરવામાં આવેલ છે.

તંત્ર દ્વારા તેના પરિવારના સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

પ્રાઈવેટ વીમા કંપનીમાં એજન્ટ તરીકે સેવાઓ આપતા સે. ૨૨ ના એક ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી અને તંત્રને લેખિત બાંહેધરી આપતાં તંત્રએ તેને મંજૂરી આપી છે.

આજે નોંધાયેલા કેસોમાં બે દર્દીને હોમ આઈસોલેશનની મંજૂરી આપવામાં આવી છે. જ્યારે એક દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તો એકને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં કેસોની સંખ્યા જરૂર વધી છે પણ રિકવરી રેટ ઘણો જ સારો રહ્યો છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં નોંધાયેલા ૨૩૫ કેસ પૈકી ૧૯૧ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ૭ દર્દીઓના સારવાર દરમિયાન મોત થયા છે. હાલ ૩૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં હાલ ૨૭૩ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૨૧૫ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ અને ૫૮ લોકો ફેસીલીટી ક્વોરોન્ટાઈન હેઠળ છે.

## ત્રીજા સ્થાને

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંક્રમિતોની સંખ્યા ૨,૦૦,૦૬૪ પર પહોંચી છે. જ્યારે, દેશની રાજધાની દિલ્હીમાં હોસ્પિટલમાં દાખલ થનારા દર્દીઓની સંખ્યા સતત ઘટી રહી હોવાનો દાવો મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે સવારે ટ્વીટ કરીને કર્યો હતો. બેંગ્લુરુમાં સતત કોરોના વાયરસના પોઝિટિવ કેસમાં વધારો અને બીજા લોકડાઉનના ભયના કારણે લોકો બેંગ્લુરુ છોડીને પોતાના વતન પરત ફરી રહ્યા છે.

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૬,૭૩,૧૬૫ પર પહોંચી છે અને ૧૯,૨૬૮ લોકોના મોત થયા છે. ૪,૦૯,૦૮૩ લોકો સાજા થઈ ગયા છે અને ૨,૪૪,૮૧૪ એક્ટિવ કેસ છે. દેશમાં કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૦.૭૭ ટકા પર પહોંચી ગયો છે જે એક રાહતના સમાચાર છે. આ જીવલેણ વાયરસથી સાજા થનારા લોકોની સંખ્યા વધીને ૪,૦૯,૦૮૩ પર પહોંચી ગઈ છે. ભારતમાં કોરોના વાયરસના હવે ૨ લાખ ૪૪ હજાર ૮૧૪ એક્ટિવ કેસ છે. કોરોનાથી અત્યાર સુધી દેશભરમાં ૧૯,૨૬૮ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. બીજી તરફ, ૪ લાખ ૦૯ હજાર ૦૮૩ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે.

## ગર્જના

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. ફોરવર્ડ બેઝ એટલે કે સરહદી વિસ્તારમાં આવેલા સૈન્ય મથકો ચીનની તમામ ગતિવિધિ સામે એલર્ટ થયા છે. ફાઈટર વિમાનો ઉપરાંત અમેરિકી બનાવટના એટેક હેલિકોપ્ટર અપાચેને પણ લદ્દાખ એલઓસી પર તૈનાત કરી દેવાયા છે. વાયુસેના પાસે અગાઉ ક્યારેય ન હતા એટલા ટ્રાન્સપોર્ટ વિમાનો હવે છે. રશિયન બનાવટના આઈએલ-૭૬, અમેરિકન બનાવટના સી-૧૭ અને સી-૧૩૦જે, ભારે વજન ઊંચકી શકતા હેલિકોપ્ટર ચીનૂક, એન્તોનોવ-૩૨ સહિતના હવાઈ ટ્રાન્સપોટરો સતત એલએસી પર લશ્કરી સામગ્રી અને સૈનિકો પહોંચાડી રહ્યા છે.

## આરંભાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેડની ક્ષમતા ધરાવતી આ હોસ્પિટલનું નિર્માણ DEDOએ WHOના ધારાધોરણો મુજબ રોકોર્ડ સમયમાં બનાવવામાં આવ્યું છે. DEDOના અધિકારીઓના જણાવ્યા મુજબ અહીં ૧૦ હજારમાંથઈ ૨૫૦ બેડ આઈસીયુના છે. સામાન્ય અને લક્ષણ વિનાના કોરોના દર્દીઓની સારવાર કરવામાં આવશે. આ કોવિડ કેર સેન્ટરના મેનેજમેન્ટ માટે દિલ્હી સરકાર વહીવટી સહાય ઉપલબ્ધ કરાવી રહી છે. જ્યારે ઈન્ડો-તિબેટ બોર્ડર પોલીસ (ૈંં)ને નોડલ એજન્સી બનાવવામાં આવી છે. જે આ હોસ્પિટલનું મેનેજમેન્ટ કરશે. આ ઉપરાંત રાધાસ્વામી સત્સંગના સ્વયં સેવકો પણ આ કેન્દ્રમાં પોતાની સેવા પૂરી પાડશે. જ્યારે આ કોવિડ કેર સેન્ટર બનાવનારી સંસ્થા ઙઈર્ઙએ આ હોસ્પિટલના વોર્ડોનું નામ લદ્દાખની ગલવાન ઘાટીમાં ૧૫-જૂને હિંસક ઝડપમાં શહીદ થયેલા ભારતીય જવાનોના નામ પર રાખવામાં આવ્યા છે.

## કાયદો અને કાનૂન

● ચોથા પાનાનું ચાલુ

છે અને ન્યાયપાલીકા અને સરકાર વચ્ચે આમ જનતા ભીસાય છે. આરોપ પ્રત્યારોપ વચ્ચે કોઈ જ નક્કર પોલીસી કે કાર્ય થતુ નથી. સરકાર ન્યાયપાલીકામાં ન્યાયમૂર્તિઓની નિયુકતીમાં પોતાની ભાગીદારી અગ્રક્રમે રાખે છે જેથી પોતાના મનપસંદ ન્યાયમૂર્તિઓની નિમણુંક આપી સરકાર ધાર્યુ કાર્ય કરાવી પોતાની વાહ વાહ લુંટે છે.

સરકાર અને ન્યાયપાલીકા સાથે મળી ભારતના લાખો વકિલોને હાલ બેરોજગાર બનાવી રહી છે. રોજ છાપામાં સમાચાર વાંચીએ છીએ કે વકિલ ખેતી કરે છે, રીક્ષા ચલાવે છે. આમા ન્યાયીક પ્રક્રિયા આખી ખોરવાઈ ગઈ છે. કેટલાની વકિલાત છુટી જશે તે નક્કિ નથી. સારા વકિલોના અભાવે જનતાને ન્યાય કોણ અપાવશે તે પક્ષ પ્રશ્ન છે. ન્યાયપાલીકાની ગુણવત્તાનો મહત્વનો પાયો વકિલની આવડત ઉપર છે. બાર કાઉન્સીલે ડિસેમ્બર સુધી વકિલોને અન્ય રોજગારી અપનાવવા માટે છુટ આપી છે. આ ઉંમરે કયા ક્ષેત્રમાં વકિલ રોજગારી મેળવે તેની કોઈ નક્કર બ્યુપ્રિન્ટ બાર કાઉન્સીલ પાસે નથી. સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે કોર્ટ ચાલુ કરવામાં આવે અને અરજન્ટ કેસોનું હિયરીંગ સામાન્ય રીતે ચાલુ કરવામાં આવે એજ એક માત્ર ઉપાય છે. બોર્ડ અને બેન્ચ વચ્ચે સોશ્યલ ડિસ્ટસીંગ શરૂઆતથી જ રહેલ છે માત્ર વકિલ અને જજને જ કોર્ટમાં પ્રવેશ આપી ન્યાઈક પ્રક્રિયા શરૂ નહિ કરવામાં આવે તો ન્યાયતંત્ર પડી ભાંગશે. સરવાળે આમ જનતાને ભોગવવું પડશે તે નક્કિ છે તેમજ અર્થતંત્ર ઉપર પણ આની અસર વર્તાશે તે ચોક્કસ વાત છે.

## અતિતની આજ

● ચોથા પાનાનું ચાલુ

ગુણગાન કરે છે. આર્ય સમાજના સંસ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતી (૧૮૧૪-૧૮૮૪)એ વેદ પછી માત્ર મનુસ્મૃતિને જ પ્રામાણિક ધર્મ ગ્રંથ જાહેર કર્યો હતો. મહર્ષિ અરવિંદે મનુને ‘‘અર્ઘ્યદેવ’’ સ્વસ્થે સન્માન બક્ષ્યું છે. ડૉ. તોમરના મતે, મનુસ્મૃતિના યોગ્ય અધ્યયનના અભાવે વર્તમાન જનમાનસમાં ભ્રમની સ્થિતિ સર્જાઈ છે. ડૉ. ટીના દોશી નોંધે છે કે મનુસ્મૃતિમાં એકંદરે સ્ત્રી પ્રત્યેના આદરની ગાથા ઉપસી આવે છે. સંદર્ભ વિનાના ઉભડક ઉલ્લેખો જ એને નારીવિરોધી જાહેર કરે છે. મનુસ્મતિના કાળની સામાજિક સ્થિતિને સમજીને જ એની વિવેચના કરવી ઘટે.

મનુ આદ્યપુરુષ હોવાથી એમનાથી જ પુરાણ-સાહિત્યમાં વર્ણવેલા રાજવંશોનો પ્રારંભ થયાનું મનાય છે. મનુનો સંબંધ અત્યારના હિમાચલ પ્રદેશ સાથે આવતો હોવાની નોંધ દેશી-વિદેશી આર્કિયોલોજી નિષણાતો કરે છે. મનાલીમાં મનુનું પ્રાચીન મંદિર છે અને ત્યાં આજે પણ મનુને ઋષિ, દેવતા અને આદિપુરુષ તરીકે પૂજવામાં આવે છે. મનુસ્મૃતિ સાથે મતભિન્નતા ધરાવનારાઓએ પણ એનો અનાદર કરવાની જસ્ર નથી. મનુ-પ્રતિમા વિવાદને પક્ષાપક્ષીથી પર રહીને ઉકેલવાની જસ્ર છે. અન્યથા આવતીકાલોમાં પ્રાચીન ગ્રંથો અને આસ્થામંદિરો બાળવા કે તોડવાનાં તાલીબાની અભિયાન આદરવામાં આવશે.અગાઉ કોઈએ કોઈના ગ્રંથ બાળ્યા એટલે વેરની વસુલાતના ઉપક્રમો યોગ્ય નહીં લેખાય.

- haridesai@gmail.com

**જાહેર નિવિદા**

**મારૂતી એસ્ટીમ વેચવા બાબત**

સામાન્ય વહીવટી વિભાગ / ચૂંટણી પ્રભાગનું વાહન એસ્ટીમ નંબર જીજે-૧૮-જી-૨૧૨૧ (પેટ્રોલ) ખરીદીનું વર્ષ - ૨૦૦૭ એપસેટ પ્રાઈઝ રૂ. ૪૨,૦૦૦/- (૧) વાહન તારીખ : ૮/૭/૨૦૨૦થી ૧૦/૭/૨૦૨૦ સુધી સામાન્ય વહીવટ વિભાગ / ચૂંટણી પ્રભાગ, બ્લોક નંબર ૭ / બીજો માળ, સચિવાલય, ગાંધીનગરનો રૂબરૂ સંપર્ક કરીને બ્લોક નંબર-૭ની સામેના પાર્કીંગમાં જોઈ શકાશે. (૨) આ અંગેના ભાવો સીલબંધ કવરમાં સરકારી કામકાજના દિવસોમાં ચૂંટણી પ્રભાગમાં તારીખ : ૧૬/૭/૨૦૨૦ના રોજ કચેરી સમય સુધી સ્વીકારવામાં આવશે. કવર ઉપર ‘વાહન વેચાણના ભાવ’ એમ સ્પષ્ટ રીતે લખવાનું રહેશે. (૩) સીલબંધ કવર તારીખ : ૧૭/૭/૨૦૨૯ના રોજ ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે. (૪) અપસેટ પ્રાઈઝથી ઓછી રકમના ભાવ ધ્યાને લેવામાં આવશે નહી. (૫) ખરીદનાર વ્યક્તિએ તમામ ટેક્ષ અલગથી ભરવાના રહેશે. (૬) વાહન વેચાણ અંગેની કે તે અંગેના ભાવ સ્વીકારવા અંગેની આખરી સત્તા સક્ષમ અધિકારીની રહેશે.

જિતેન્દ્ર ખરાડી
સેક્શન અધિકારી
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

માહિતી/૪૦૨/૨૦-૨૧